પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૭ | ૮ મે, ૨૦૧૭, સોમવાર ; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આજે ફ્રાન્સમાં રાષ્ટ્રપતિની ચૂંટણી




ફ્રાન્સમાં આજે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીનું છેલ્લા તબક્કાનું મતદાન યોજાશે. લિબરલ એમેન્યુઅસ મેક્રોન અને રાઈટ વિંગના વેતા મરીન લી પેન વચ્ચે ચૂંટણી લડાશે. મેક્રોન જીતશે તો સૌથી યુવાન રાષ્ટ્રપતિ બનશે અને મની જીતશે તો પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનશે.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે આજે ભારતીય ટીમ જાહેર કરાશે

જૂનમાં ઈંગ્લેન્ડમાં યોજાનાર આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત આવતીકાલે કરવામાં આવનાર છે. આઈપીએલમાં શાનદાર દેખાવ કરનાર ખેલાડીઓને તક મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવનાર છે. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે તૈયાર થઈ ગઈ છે.

### બિહારના બે મંત્રીઓ સરકારી બંગલા ભાડે આપે છે



બિહારના બે મંત્રીઓ અબ્દુલ ગફુર અને શીવચંદ્ર રામ પટના ખાતેના સરકારી બંગલા ખાનગી લગ્ન પ્રસંગો યોજવા ભાડે આપતા હતા. જેના પેટે ૨.૫ થી ૩ લાખ રૂપિયા વસુલ્યાનો આક્ષેપ ભાજપના અગ્રણીએ કર્યો છે.

### મોદી ૧૧મીએ શ્રીલંકા જશે




રાયપુર, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧મી મેના દિવસે શ્રીલંકાની મુલાકાત લેનાર છે. સૌથી મોટા બૌદ્ધ ઉત્સવના ભાગરુપે તેઓ પહોંચનાર છે. ઈન્ટરનેશનલ ડે ઓફ વૈશાખ તરીકે પણ આને ગણવામાં આવે છે. આની ઉજવણી શ્રીલંકામાં ૧૨મી મેથી ૧૪મી મે દરમિયાન કરવામાં આવશે. શ્રીલંકામાં ઈન્ટરનેશનલ બૌદ્ધ પરિષદનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં ૧૦૦થી વધુ દેશોના ૪૦૦ પ્રતિનિધિઓ ભાગ લેનાર છે. બે દિવસની યાત્રા દરમિયાન મોદી કેન્દ્રીય પ્રાંતમાં કેન્ડીની મુલાકાત લેશે. જે ચા માટે ખુબ જ વિશ્વ પ્રસિદ્ધ છે. તેઓ દ્વારા ચાના બગીચામાં કામ કરનાર વર્કરોને પણ મળવાની ઈચ્છા છે. મોદી ચા ગાર્ડનમાં કામ કરતા લોકોને સંબોધશે.

# આજે નકસલવાદ સામે આક્રમક રણનીતિ ઘડાશે

**આજે નક્સલગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક : નક્સલવાદને રોકવાના પાસા પર ચર્ચા કરાશે : છુપા હુમલામાં ૨૬ જવાન શહીદ થયાના બે સપ્તાહ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં મહત્વની બેઠક**



નવીદિલ્હી, તા. ૭

નક્સલવાદીના દૂષણને રોકવાના મજબૂત ઈરાદા વચ્ચે નક્સલવાદી ગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક આવતીકાલે યોજાનાર છે. જેમાં ટોચના પોલીસ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં આ બેઠક મળી રહી છે જેમાં નક્સલવાદીગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રી હાજર રહેનાર છે. આ બેઠકમાં જે રાજ્યોના મુખ્યમંત્રીઓને હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે તેમાં છત્તીસગઢ, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ગૃહમંત્રાલયના અધિકારીઓએ બેઠકના એક દિવસ પહેલા આજે કહ્યું હતું કે, છત્તીસગઢમાં નક્સલીઓના હુમલામાં ૨૬ સીઆરપીએફ જવાનો શહીદ થયાના બે સપ્તાહ બાદ આ મિટિંગ યોજવામાં આવી રહી છે જેમાં નક્સલવાદી દૂષણને રોકવાના પાસા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થશે. નવી આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવે તેમ માનવામાં આવે છે. રાજનાથસિંહ કેન્દ્ર સરકાર તરફથી આક્રમક રુપરેખા રજૂ કરી શકે છે. ખુવારીને ઘટાડવાના હેતુસર

● અનુસંધાન પાન-૭ પર

## છત્તીસગઢમાં વધુ ૧૯ કુખ્યાત નકસલી પકડાયા

**સુરક્ષા દળોને મોટી સફળતા મળી**



રાયપુર, તા. ૭

છત્તીસગઢના નક્સલી પ્રભાવિત સુકમા જિલ્લાના પોલીસ ટુકડીએ ૧૯ કુખ્યાત નક્સલીઓની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલા નક્સલવાદીઓમાં નવ એવા નક્સલીઓ પણ સામેલ છે જે બુરકાપાલ હુમલામાં સામેલ હતા. સુકમા જિલ્લાના પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધર્યું હતું. મોટાપાયે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં બુરકાપાલ હુમલામાં સામેલ રહેલા નવ નક્સલવાદીઓને જિલ્લાના ચિંતાગુફા અને ચિંતલનાર વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૧૦ નક્સલીઓની ધરપકડ કુકાનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કરવામાં આવી હતી. આ નક્સલવાદીઓ ફેબ્રુઆરી મહિનામાં ટ્રકમાં આગ ચાંપી દેવા અને પોલીસ દળ ઉપર હુમલા કરવાની ઘટનામાં સામેલ હતા. ૨૪મી એપ્રિલના દિવસે નક્સલવાદીઓએ ભીષણ છુપો હુમલો કર્યો હતો. સુકમા જિલ્લાના ચિંતાગુફા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ બુરકાપાલમાં નક્સલીઓએ હુમલો કર્યો હતો.

## આપ આદમી પાર્ટીમાં કેજરીવાલ પર આક્ષેપથી ખળભળાટ




**સત્યેન્દ્ર જૈન પાસેથી કેજરીવાલ બે કરોડ લીધાનો કપિલ મિશ્રાનો આક્ષેપ : કેજરીવાલના એક સગા-સંબંધી માટે ૫૦ કરોડની જમીન સોદાબાજી કરાવી હતી તેવી વાત સત્યેંદ્ર જૈને તેમની સમક્ષ કરી હતી : કપિલ મિશ્રાનો ઘટસ્ફોટ**

નવી દિલ્હી,તા. ૭

અરવિંદ કેજરીવાલ મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવેલા કપિલ મિશ્રાએ આજે મુખ્યમંત્રી ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કેજરીવાલે મંત્રી સત્યેંદ્ર જૈનની પાસેથી બે કરોડ રૂપિયા રોકડ લીધા હતા. એએપીમાં ચાલી રહેલી કટોકટી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં યોજાયેલી પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર અને ત્યારબાદ દિલ્હીમાં એમસીડીની ચૂંટણીમાં હાર થયા પછી એએપીમાં એક પછી એક વિવાદો સપાટી ઉપર આવી ગયા છે. આજે કપિલ મિશ્રાએ દાવો કર્યો હતો કે, તેઓએ શુક્રવારના દિવસે મુખ્યમંત્રીના આવાસ ઉપર સત્યેંદ્ર જૈનની પાસેથી કેજરીવાલને બે કરોડ રૂપિયા રોકડ લેતા જોયા હતા. મિશ્રાએ આ સનસનાટીપૂર્ણ દાવો પણ કર્યો હતો કે, સત્યેંદ્ર જૈને તેમને

● અનુસંધાન પાન-૭ પર

## કરાંચી-મુંબઈ વચ્ચે વિમાની સેવા બંધ કરવા પાક એરવેઝનો નિર્ણય

**રૂટ ઉપર ટ્રાફિક નહીં હોવાના કારણે નિર્ણય કરાયો**

નવીદિલ્હી, તા. ૭

પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ આવતીકાલથી કોમર્શિયલ કારણોસર કરાંચી અને મુંબઈ વચ્ચેની તેની ફલાઈટ બંધ કરનાર છે. અત્રે નોંધનીય છે કે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ કરાંચી અને મુંબઈ વચ્ચે સોમવાર અને ગુરુવાર એમ સપ્તાહમાં બે ફલાઈટ ઓપરેટ કરે છે. જો કે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સના લાહોર-નવીદિલ્હી ફલાઈટ ઓપરેશનને યથાવતરીતે ચાલુ રાખવામાં આવશે. આ રુટ ઉપર હજુ પણ ટ્રાફિક સંતોષજનક છે. અધિકારીઓનું કહેવું છે કે, કરાંચી-મુંબઈ રુટ ઉપર કામકાજને બંધ કરી દેવામાં આવ્યા બાદ લાહોર-દિલ્હી રુટ ઉપર ટ્રાફિક વધી જાય તેમ માનવામાં આવે છે. કરાંચીથી મુંબઈ અને મુંબઈથી કરાંચી વચ્ચેની પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્,સની ફલાઈટો ૮મી એપ્રિલથી રહેશે નહીં. આ રુટ ઉપરની ફલાઈટો માટે બુકિંગની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે. ખુબ જ ઓછા ટ્રાફિકના પરિણામ સ્વરુપે કરાંચી-મુંબઈ રુટ ઉપર સેવા બંધ કરવામાં આવી છે. નજીકના ભવિષ્યમાં આ સેવા ફરી શરૂ કરવાના પાસા ઉપર મોડેથી વિચારણા કરાશે. નામ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ કહ્યું છે કે, છેલ્લા છ મહિનાથી આ રુટ ઉપર જંગી નાણાંકીય નુકસાન થઈ

● અનુસંધાન પાન-૭ પર

## મહિલાઓ માટે ફ્રી હેલ્થ ચેક અપની યોજના ટૂંક સમયમાં જાહેર કરાશે

**આધાર સાથે લિંક કરીને હેલ્થ કાર્ડ બનાવાશે : સગર્ભા મહિલાઓ માટે કેશલેસ મેડિકલ સર્વિસ ઉપલબ્ધ કરાવાશે**

નવીદિલ્હી, તા. ૭

દેશની અડધી વસતી હોવા છતાં મહિલાઓ વંચિત વર્ગમાં જ સામેલ રહી છે. આને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે મહિલાઓ માટે ઈન્કમટેક્સના દરોને ઘટાડવા અને આધાર સાથે જોડાયેલા હેલ્થકાર્ડ બનાવીને મફત આરોગ્ય ચકાસણીની સુવિધા આપવા પર વિચારણા કરી રહી છે. મહિલાઓ માટે ઓછા ટેક્સ અને મફત આરોગ્યની ચકાસણીની મહાકાય યોજના રજૂ કરવાની તૈયારી સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. આની સાથે સાથે સરકાર સગર્ભા મહિલાઓ માટે કેશલેસ મેડિકલ સર્વિસ ઉપલબ્ધ કરાવવાની યોજના ઉપર પણ કામ કરી રહી છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના નેતૃત્વમાં એક પ્રધાનગ્રુપ દ્વારા મહિલાઓ માટે એક રાષ્ટ્રીય નીતિ બનાવી છે જેને ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવે તેવી શક્યતા

● અનુસંધાન પાન-૭ પર







